વડીલોને વંદન અભિનંદન

રાધાબેન ગિરીષચંદ્ર યાદવ
(૧૯૪૮) ફોનઃ ૨૩૨૨૫૪૦૭

ચક્ષુદાન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૮

સે. ૮ પ્લોટ નં. ૪૭૧/૨, સે. ૮-બી ખાતે રહેતા પરેશભાઈ રાઠીના પુત્ર શિવમ (ઉ.વ.૧૬)નું અવસાન થતા તેમના કુટુંબીજનો દ્વારા ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. જેમાં સિ.સિ.કા.ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ મિત્ર મંડળનો સાંસ્કૃતિક કાર્યક્રમ

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા શહેરમાં વસતા કચ્છી કુટુંબોના બાળકોનો સરસ્વતી સન્માન સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧૫ ડિસેમ્બરના રોજ ખિમજી વિશ્રામ હોલ કડી કેમ્પસ સે. ૨૩ ખાતે રાખવામાં આવ્યો છે. ગાંધીનગર સ્થિત કચ્છી ભાઈ-બહેનોના બાળકોની માર્કશીટ તા. ૫ ડિસેમ્બર સુધી જમા કરાવવા જણાવ્યું છે. તેમજ પાસ માટે ૯૪૨૭૮ ૦૧૪૦૩ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

આદર્શ નિવાસી શાળા ખાતે આનંદમેળો યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

આદર્શ નિવાસી શાળા (અ.જા.ક.) ખાતે દ્વિતીય આનંદમેળો તા. ૨૮ નવેમ્બરના રોજ યોજવામાં આવ્યોહતો. આનંદમેળામાંવિવિધ થીમ પર સ્ટોલ બનાવવામાં આવ્યા હતા. જેમાંશાળાની ૧૦૦જેટલીશાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આનંદમેળામાં ફુડ વિભાગના સ્ટોલે વધારે આકર્ષણ જમાવ્યું હતુ. જેમાં રીંગણનો ઓળો, બાજરીનો રોટલો, દાળવડા જેવી વાનગીઓ બનાવવામાં આવી હતી.

આનંદમેળામાં હંસાબેન શર્મા, જે.જે. ચૌધરી, એસ.એલ. વાઘેલાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ પ્રસંગે આચાર્યા કુસુમબેન ચૌહાણ,રેણુકાબેન ગામીતદ્વારા મેળામાં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે જનજાગૃતિ કેળવવા તમામ જિલ્લામાં દોડના કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

સમગ્ર રાજ્યના જિલ્લા મથકોએ આગામી ૧૫મી ડિસેમ્બરના રોજ યુનિટી ફોર રનનો કાર્યક્રમ યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે રાજ્યના મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો સાથે એક વીડીયો કોન્ફરન્સ યોજીને આગામી ૧૫મી ડિસેમ્બરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના કાર્યક્રમ અંગે જનજાગૃતિ લાવવા માટે રન ફોર યુનિટીના કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટીના કાર્યક્રમનો સફળ બનાવવા અને લોકો પણ સહભાગી બને તે માટે આ રન ફોર યુનિટીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શાળાના બાળકો કોલેજોના વિદ્યાર્થીઓ, સામાજીક સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓને પણ જોડવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આજે યોજાયેલી કલેક્ટરો સાથેની વીડીયો કોન્ફરન્સમાં રાજ્યના મુખ્ય સચિવ વરેશ સિંહા, ૫૦ મુદ્દા અમલીકરણ કાર્યક્રમ સમિતિના અધ્યક્ષ આઈ.કે. જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સરદાર સરોવર નર્મદા બંધ નજીક નર્મદા નદીના સાધુ બેટ ખાતે સરદાર વલ્લભાઈ પટેલની સૌથી ઉંચી પ્રતિમાનું નિર્માણ કરવામાં આવનાર છે. આ પ્રતિમાને સ્ટેચ્યુ ઓફ યુનિટી નામ આપવામાં આવ્યું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રચાર અને પ્રસાર માટે આગામી સપ્તાહથી મંત્રીના વડપણ હેઠળના પ્રતિનિધિમંડળો વિવિધ રાજ્યોના પ્રવાસે જનાર છે.

મોડાસા શહેરના માજૂમ પૂલ નીચેની અજાણ્યા શખ્સનો વિકૃત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેને જોવા માટે લોકોના ટોળા ઉમટ્યા હતા. આ વાતની જાણ થતાં મોડાસા નગરપાલિકાના સેવાભાવી સેનેટરી ઈન્સ્પેક્ટર ઉસ્માન મલેકની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહના અંતિમ સંસ્કાર કર્યા હતા તે પ્રસંગની તસવીર.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

શિયાળાના આગમન સાથે જ શિયાળુ વસાણાની માંગ તન મનને સ્વસ્થ બનાવવા વધી ગઈ છે. ખેડૂતો સિઝનમાં પોતાના બળદ મિત્રોને તલનું કચરીયું ખવડાવી તેમના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખે છે. મુંગા જીવોને સ્વાસ્થ્યપ્રદ ભોજનનો સ્વાદ ચખાડવામાં પોલીસ અજાણતા જ સહભાગી બની છે. બન્યું એવું કે થોડાક સમય પહેલા ચિલોડા પોલીસે દારૂ ભરેલી મોટી ટ્રક ઝડપી લીધી હતી. આ ટ્રકમાં દેશી ચણાના ભુંસા વચ્ચે દારૂની બોટલો સંતાડવામાં આવી હતી પોલીસે મુદ્દામાલ તરીકે દારૂની બોટલો તો જપ્ત કરી લીધી છે પરંતુ તેની સાથે મળી આવેલું ચણાનું ભુસું પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં જ પડયું છે. જેને ગાય ખૂબ પ્રેમથી આરોગી રહેલી નજરે પડે છે.

મોરબીના ઉદ્યોગોને જ ખતમ કરવાની સરકારની મુરાદ

ગુજરાત પરિવર્તન પાર્ટીના મહામંત્રી ગોરધન ઝડફીયાનો સરકાર પર ગંભીર આક્ષેપ : સરકાર કરે છે ખોટા વાયદા

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત પરિવર્તન પાર્ટીના મહામંત્રી ગોરધન ઝડફીયાએ જણાવ્યું હતું કે આજથી છ વર્ષ પહેલા જ્યારે મોરબીના ઉદ્યોગોને પાઈપલાઈનથી ગેસ આપવાની રાજ્યના મુખ્યમંત્રીએ જાહેરાત કરેલી ત્યારે રૂા. ૧૪ કિલો ગેસ મોરબીને મળશે અને મોરબી હવે, ગુજરાતનું પેરિસ બની જશે તે જ મોરબીના ઉદ્યોગોએ આજથી પોતાના હકક માટે બંધ પાળવાની ફરજ પડી છે. રાજ્યના મુખ્યમંત્રીએ તે સમયે મોટી-મોટી જાહેરાતો કરેલી કે ધોળકામાં લાખ્ખો ક્યુબીક મીટર તથા કિષ્ણા-ગોદાવરી બેઝીનમાં તો એટલો ગેસ નિકળેલ છે કે હવે ગુજરાત સમગ્ર ભારતને ગેસ પુરો પાડશે અને ગુજરાત પેટ્રો-હબ બની જશે.

પરંતુ વાસ્તવિકતા એ છે કે મોરબીના ઉદ્યોગોને રૂા. ૧૪ કિલો આપવાની કરેલી જાહેરાતના બદલે રૂા. ૫૪ કિલો તે પણ રેશનીંગમાં ગેસ મળે છે. ઝડફીયાએ જણાવ્યું હતું કે ગેસ પુરતો ન મળવાના કારણે મોરબની ઉદ્યોગોએ ઈંધણ માટે કોલસા તથા અન્ય બળતર ફરજીયાત વાપરવું પડે છે. પરંતુ સરકારના ગુજરાત પ્રદુષણ બોર્ડનો દંડો ઉગામીને વૈકલ્પિક બળતણ વાપરતા ઉદ્યોગોને કરોડો રૂપિયાનોદંડઆજ ભાજપની સરકારે ફટકાર્યો છે.

વીએસ હોસ્પિટલમાં બ્લડબેંગ ખરીદવામાં આચરાયુ કૌભાંડ

મફત મળતી હોવા છતાંય ૩૦ લાખની બેગોની ખરીદી કરાઈ : ઓછા ભાવના બહાને બારોબાર અપાયો કોન્ટ્રાક્ટ

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ હવે જાણે કૌભાંડો એપી સેન્ટર બની ગઈ છે. સત્તાધીશોને ગરીબ દર્દીઓની સેવાને બદલે નાણાંની ખાયકીમાં જ રસ હોય તેવુંપ્રસ્થાપિત થઈ રહ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મફતમાં બ્લેડબેગ આપવામાં આવે છે, આમ છતાં વીએસ હોસ્પિટલના સત્તાધીશોએ ખાનગી કોન્ટ્રાકટરને કોન્ટ્રાક્ટ આપીને રૂા. ૩૨ લાખની બેગોની ખરીદી કરી છે.

આ મામલે ચીફ ઓડિટરે નોંધ કરી મ્યુનિસિપલ કમિશ્નરને રિપોર્ટ મોકલી આપતાં સત્તાધીશોમાં દોડધામ મચી ગઈ છે. વીએસ હોસ્પિટલની બ્લડબેંક માટે ડબલ અને ત્રિપલ બ્લડબેગ ખરીદવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં માત્ર એક ખાનગી કંપનીએ ટેન્ડર ભર્યું હતું. આ મુદ્દે ચીફ ઓડિટરે એવી નોંધ લખી છે કે, એક પાર્ટીએ ટેન્ડર ભર્યુ હોય તેવા કિસ્સામાં બીજી કંપની સાથે નેગોશીએબલ કરવું જોઈએ, જે થયું નથી પરિણામે ખરીદીની પ્રક્રિયા શંકાને પ્રેરે છે, ટેન્ડરની રકમ કુલ ૩૦ લાખની હોઈ શરત અનુસાર કોન્ટ્રાકટર પાસેથી ૧.૫૩ લાખ ડિપોઝીટ લેવાની થાય તે પણ લેવાઈ નથી. જેથી સત્તાધીશોએ આર્થિક નુકશાન કરાવ્યું છે. નવાઈની વાત એ છે કે, ટેન્ડરમાં શરત અનુસાર બ્લડબેગનો જથ્થો બે વર્ષના સમયગાળામાં જેમ જેમ જરૂરીયાત ઉભી થાય તેમ લેવાનો હતો. તેમ છતાંયે માત્ર ટેન્ડર પાસના છ મહિનામાં જ બધી જ બ્લડબેગો ખરીદી લેવાઈ હતી. જે પણ હોસ્પિટલના સત્તાધીશો સામે શંકાની આગળી ચીંધે છે. ખરીદી માટે આટલું ઉતાવળાપણુ દેખાડવા પાછળનું કારણ શું? બ્લડબેગોનું ઓવરસ્ટોકીંગ કેમ કરવામાં આવ્યું ? તેનો પણ ખુલાસો પુછાયો છે. એડિટરનાં રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, ખુદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની એઈડસ કંટ્રોલ સોસાયટી જ હોસ્પિટલમાં બ્લડબેગો મફતમાં સપ્લાય કરે છે.

વીએસ હોસ્પિટલના સત્તાધીશોએ વપરાશને ધ્યાનમાં લઈને બેગોની ખરીદી કરી નથી, પરંતુ એક સાથે જ ૧૪ હજાર બ્લડબેગોની ખરીદી કરી લીધી હોવાનું એડિટરે પોતાની નોંધમાં લખ્યું છે. આ ઉપરાંત બ્લડબેગનો ટેસ્ટ રિપોર્ટ કરાવવાનો હતો તે પણ કરાયો ન હોવાથી તેની પણ સ્પષ્ટતા પુછવામાં આવી છે. ટૂંકમાં વીએસ હોસ્પિટલ કેસબીલ પર દર્દીઓ પાસેથી બારોબાર ઉઘરાવાતી રકમના કૌભાંડની શાહી હજુ સુકાઈ નથી ત્યાં વધુ એક કૌભાંડ ખુલ્યું છે.

બહેરામપુરામાં ટી.પી. સ્કીમ હેઠળના રસ્તા ખુલ્લા કરાયા

અમદાવાદ, તા. ૨૮

શહેરના દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં ગુરૂવારના રોજ દક્ષિણ ઝોનના ટી.ડી.ઓ. અને દબાણ વિભાગ દ્વારા ટી.પી. રસ્તો ખુલ્લો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અ.મ્યુનિ.કોર્પો. દ્વારા ૨૦૦પની સાલમાં બનાવેલ ડ્રાફ્ટ અનુસાર ચંડોળા તળાવ પાસેના ૧૮ મી.ના મુખ્ય ટી.પી. રસ્તામાં આવતાં બાંધાકમોને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ૯૦ જેટલા કાચા-પાકા બાંધાકામો દૂર કરીને ૨૦૦૦ રનીંગ ફુટ લંબાઈને રસ્તો ખુલ્લો કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

બાંધકામ દૂર કરવામાં સ્થાનિક લોકો દ્વારા સ્વૈચ્છિક રીતે રોડ ખુલ્લો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં પ્રાથમિક જરૂરીયાત જોતાં વરસાદી પાણીના નિકાલ તથા ડ્રેનેજ અને પાણી માટેની સુવિધાઓ માટે કુલ ૧૦ રસ્તાઓ ખુલ્લા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે આ રસ્તો ખુલ્લો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે બીજી બાજુ નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં દબાણો હટાવવાની ઝુંબેશના ભાગરૂપે થલતેજ વિસ્તારમાં ગુરૂવારના રોજ હેબતપુર ૩૦ મી. પહોળાઈના ટી.પી. રોડ પર થયેલ ૧૪ ઝુંપડા તથા નારાયણ બંગ્લોઝની બાજુના ૩૦ મી. પહોળાઈના રોડ પર થયેલ ૩૨ ઝુંપડાવાળાના દબાણો, તથા અન્ય દબાણો ખાતાકીય અમલીકરણથી દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે.

શબ્દાવલી - ૫૨૪૧



આડી ચાવી

૧. ગોલ સાચવનાર (૫)
૪. વર્દીના ડ્રેસનો કલર (૨)
૬. ઉજાગરો, વ્રતમાં રાતે જાગે તે (૪)
૮. આ શહેર જૈનોનું તિર્થ ગણાય છે (૪)
૯. 'વોલ' શબ્દ ઊંધો (૨)
૧૦. પતિ પાછળ... થઈ જવાનો રિવાજ હવે નાબૂદ થયો છે (૨)
૧૨. શરીર, અંગ (૨)
૧૫. દેવું (૨)
૧૬. ચીંથરેહાલ (૬)
૨૦. ધનુષ્યનો અવાજ (૩)
૨૧. યુક્તિ, પ્રયુક્તિ (૪)
૨૩. રણકાર, રણકવાનો અવાજ (૩)

ઊભી ચાવી

૧. ગોળની એક વાનગી (૫)
૨. કરવાવાળો (ભગવાન) (૪)
૩. છુટ્ટી, રવિવાર... નોટિસ(૨)
૪. માછીમારીનો ધંધો કે નાવ હાંકનાર (૩)
૫. પહાડો વચ્ચે કોતરો હોય તે(૨)
૭. ભુલને હિન્દીમાં... કહેવાય (૩)
૧૧. ફરજ જવાબદારી (૩)
૧૩. આવાહન (૪)
૧૪. વજન (૨)
૧૫. ગ્રહણ, ... ટાણે સાપ (કહેવત) (૩)
૧૮. સાર, સત્ત્વ (૨)
૧૯. ગ્રાહક (૩)
૨૨. તપસ્યા (૨)

શબ્દાવલી ૫૨૪૦ના જવાબ

આડી ચાવી :- (૧) અલ્પાહાર (૩) આસામી (૫) દમામ (૭) જીજાજી (૧૦) રોબ (૧૧) વીતરાગ (૧૨) આપત્તી (૧૩) કક (૧૪) મોરા (૧૫) ઝાકળઝોળ (૧૭) ટ્રાયસિકલ (૧૯) ટળવું (૨૦) નર્યું

ઊભી ચાવી :- (૧) અલ્પજીવી (૨) ૨૬ (૩) આમ (૪) મીણબત્તી (૬) માન (૮) જાતકમાઈ (૯) જીરાફ (૧૦) રોપ (૧૨) આરામ (૧૪) ઝોબન (૧૫) ટ્રામ (૧૮) સીટ

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલા

સરકારી આવાસો ફોર્મના વિતરણમાં મોળો પ્રતિસાદ

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજ સુધી સસ્તા મકાનની સ્કીમ અમલમાં મુકાઈ નથી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૧૦ હજાર એફોર્ડેબલ હાઉસની સ્કીમ અમલમાં મુકવામાં આવી છે. ૧૦ હજાર એફોર્ડેબલ મકાનોની નોંધણી માટેના અરજીફોર્મ વિતરણનો બુધવારથી પ્રારંભ થઈ ચુક્યો હતો. આ અરજી ફોર્મની કિંમત રૂા. ૫૦ થી ૧૦૦ સુધીની હતી. અમદાવાદ મ્યુનિસિપ કોર્પોરેશન દ્વારા શહેરના ૨૯ વિસ્તારોમા નબળા વર્ગના તથા ઓછી આવક ધરાવનારા લોકો માટે ૧૦ હજાર મકાનો બાંધવાની જાહેરાત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ૧૦ હજાર મકાનોની યોજના જાહેર કરાઈ હતી જેમાં તાત્કાલીક ધોરણે કામ કરવામાં આવ્યું હતું. મ્યુનિ. સિવિક સેન્ટરોમાં મકાનના ફોર્મ મેળવવા માટે સવારથી જ ભારે ધસારો હતો જેમાં પહેલા દિવસે ખાલી ૪૨,૮૧૪ ફોર્મનું વેચાણ થયું હતું જેમાં મોટા સિવિક સેન્ટરોમાં ૧૦૦૦ જ્યારે નાના સિવિક સેન્ટરોમાં ૫૦૦ થી ૭૦૦ ફોર્મનો સ્ટોક આપવામાં આવ્યો હતો પરંતુ પ્રથમ દિવસે અ.મ્યુનિ.કોર્પો.ને ફોર્મ વિતરણમાં મોળો પ્રતિસાદ મળ્યો હતો.

વટવા ખાતે વિકલાંગ નવદંપતિઓને પ્રમાણપત્રો આપી સન્માનવામાં આવ્યા

લાયન યુ.એન. મહેતા આઈ હોસ્પિટલ વટવા ખાતે વિકલાંગ સહાય કેન્દ્ર દ્વારા નવદંપતિઓને પ્રમાણપત્રો આપી સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શંકરભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિકલાંગ સહાય કેન્દ્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે વિકલાંગો તેમજ મંદબુદ્ધિના બાળકો, અશક્ત અને ગરીબીરેખા નીચે જીવતા લોકોના પ્રશ્નો માટે મુખ્યમંત્રી અંગત રસ લઈ અગ્રીમતા આપે તેવી માંગણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હજ ફાઉન્ડેશનના ઈનાયત અલિ સૈયદ, સામાજીક કાર્યકર ધર્મસિંહ રબારી, રેલવે ઓફિસર અનુપકુમાર મસી, વટવાના પૂર્વ પ્રમુખ કે.ડી. પટેલ, બાબુભાઈ સાબુવાલા, સંસ્થાના મગનભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રન ફોર યુનિટી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્વૈચ્છીક સંગઠ્ઠનો, સામાજિક સંગઠ્ઠનોને પણ જોતરવામાં આવનાર છે. આ દોડ માટે કોઈ વયમર્યાદા પણ નિયત કરવામાં આવી નથી એટલુ જ નહિ વિકલાંગો પણ આમાં ભાગ લઈ શકશે.

ગાંધીનગર શહેરમાં જે ૧૫ હજાર દોડવીરો જોડાવાના છે તેમાં ગાંધીનગર શહેર, પેથાપુર નગરપાલિકા તેમજ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સહિતના દોડવીરો હશે. માણસામાં માણસા શહેર અને ગ્રામ્ય વિસ્તાર, દહેગામમાં શહેર અને ગ્રામ્ય વિસ્તાર તેમજ કલોલમાં પણ કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારના દોડવીરો જોડાશે.

યુનિટી ફોર રનનો આ કાર્યક્રમ ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પામશે. એક સાથે એક સમયે આટલી મોટી સંખ્યામાં દોડવીરો જુદા જુદા સ્થળો પર દોડશે. આ રન માટે આમ તો બે થી ૩ કિ.મી.નું અંતર જ નિયત કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકાર સરદાર સરોવર નજીક સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરી રહેલ છે તે કાર્યક્રમની વિધિવત્ ઘોષણા સરકાર કરી ચુકી છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે ગામેગામથી લોખંડ એકત્ર કરવાનો કાર્યક્રમ આ દિવસથી આરંભાશે અને આ માટે રાજ્ય સરકારના અધિકારીઓ તેમજ મંત્રીશ્રીઓ દેશભરના ભ્રમણમાં વ્યસ્ત બન્યા છે.

મળતી વિગતો મુજબ આ યુનિટી ફોર રનના કાર્યક્રમમાં પણ રાજ્ય સ્તરેથી પણ કોઈ મહાનુભાવ ફ્લેક ઓફ કરવા માટે ખાસ ઉપસ્થિત રહેશે. આ યુનિટી ફોર રન માટે જિલ્લા તંત્ર દ્વારા બેઠકોનો સિલસિલો શરૂ થઈ ચુક્યો છે.

સમિતિઓમાં અટવાયો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સુધી કોઈ અમલ થયો નથી. જ્યારે વર્ષ ૨૦૧૩ દરમિયાન પણ અસ્નાની સમિતિએ અહેવાલ તૈયાર કર્યો છે. દોઢ દાયકામાં વિવિધ કમિટીઓ મારફતે હાથ ધરાયેલ અભ્યાસના અંતે તૈયાર કરાયેલા રીપોર્ટ સંદર્ભે કોઈ અમલવારી થઈ નથી. ત્યારે હવે શહેરમાં નમુનારૂપ સફાઈ વ્યવસ્થા ગોઠવવા અભ્યાસ અને રીપોર્ટની સાથે અમલીકરણ પણ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગુનો દાખલ કરવા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આરોપી સામે જાહેરહિતની ફોજદારી ફરિયાદ અરજી દાખલ કરવા જણાવ્યું હતું. પહેલા તો પોલીસ સ્ટેશનના અધિકારીઓ તુરંત જ ચોંકી ઉઠ્યા હતા અને ભારે માથાકૂટ કરી હતી. જો કે અંતે પોલીસે તેમની અરજી સ્વીકારી હતી અને અરજીની નકલ ઉપર સહી કરી અરજદારને પરત કરી હતી તેમ સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે આ મામલો વધુ સંગીન બનતા સેક્ટર-૭ પોલીસમથકના પી.એસ.ઓ.એ આ તમામ વાતને નકારી કાઢી છે અને અરજદાર આ ફરિયાદ અરજી પોલીસમથકમાં નાખીને ચાલ્યા ગયા હોવાનો રાગ ગાઈ રહ્યા છે. આ સમગ્ર મામલે નજીકના ભવિષ્યમાં કેવી કાર્યવાહી થશે તે મામલે પણ ચર્ચાએ જોર પકડ્યું છે.

જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૩-૨૦૧૪

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, બ્લોક-બી, પ્રથમ માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૬૮ તરફથી રૂ. ૩૭,૯૫૦/- થી ૭૦,૧૧૦/- સુધીના કામ માટે અનુભવી કોમ્પ્યુટર જોબવર્ક કરતા ઈજારદાર પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તા. ૬/૧૨/૨૦૧૩ અને પરત મેળવવાની છેલ્લી તા. ૧૧/૧૨/૨૦૧૩ છે. આ કામોની વિગતવાર નિવિદા આ કચેરીના નોટીસબોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. અનુક્રમ નં. ૩ અને ૪ના ટેન્ડરો પેટા વિભાગ નં. ૧૮, ગાંધીનગર તરફથી ઉપર જણાવેલ તારીખે આપવામાં આવશે તથા સ્વીકારાશે. આ નિવિદા અંગેની વધુ વિગતો માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૭૪૦/૧૩-૧૪